- **જિલ્લા ખેલ મહાકુંભ એથલેટિક્સ મીટમાં ૬૦૦ મી. દોડમાં વસાવા સાક્ષી મહેશભાઈ (૭-બ) પ્રથમ ક્રમે ૫૦૦૦/- રૂપિયાનું રોકડ પુરસ્કાર, ૪૦૦ મી. દોડમાં વસાવા સાક્ષી મહેશભાઈ (૭-બ) પ્રથમ ક્રમે ૫૦૦૦/- રૂપિયા રોકડ પુરસ્કાર અને દ્વિતીય ક્રમે વસાવા માહી જગદીશભાઈને ૩૦૦૦/- રૂપિયાનું પુરસ્કાર, ઊંચી કૂદ સ્પર્ધામાં સોલંકી ફેનિલ રમેશભાઈ (૮-અ) તૃતિય ક્રમે ૨૦૦૦/- રૂપિયાનું રોકડ પુરસ્કાર મેળવી વિજેતા બન્યા અને હવે રાજય કક્ષાએ ભાગ લેવા જશે.**
- **GCERT** પ્રેરિત કલા મહોત્સવની **બાળકવિ સ્પર્ધા**માં ટંડેલ પ્રિયાંશી (૯-બ) અને સંગીત વાદનમાં શાહ રૂદ્ર (૧૧ વિ.પ્ર.) એ ભાગ લઇ પ્રથમ ક્રમાંક મેળવેલ છે.
- રામક્રિષ્ના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ **જિલ્લા કક્ષાની સ્વામી વિવેકાનંદ કિવઝ સ્પર્ધા**માં માછી તેજસ્વી (૯-બ) એ ભાગ લીધો.
- **GCERT** ગાંધીનગર પ્રેરિત **બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં જિલ્લા કક્ષાએ** ચાવડા હરિજ્ઞા અને પ્રજાપતિ પ્રીતી (૧૧ વિ.પ્ર.) એ ખોરાક, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા વિભાગમાં પોતાની કૃતિ રજૂ કરી, અને ગાણિતીક નમૂનાઓ અને ગણનાત્મક ચિંતન વિભાગમાં નાણાવટી હર્ષ અને શાહ રુદ્ર (૧૧ વિ.પ્ર.) એ પોતાની કૃતિ રજૂ કરી.
- **રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા આયોજિત કલા મહાકુંભ સ્પર્ધા** માં **લગ્નગીત સ્પર્ધા, સર્જનાત્મક કારીગરી, દુહા-છંદ-ચોપાઇ, લોકવાર્તા** જેવી કૃતિઓમાં શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ભાગ લઇ પ્રથમ ક્રમે પસંદગી પામેલ છે.
- **બાળપ્રતિભા શોધ સ્પર્ધા**માં **લગ્નગીત, દુહા-છંદ-ચોપાઇ, સર્જનાત્મક કારીગરી અને લોકવાદ્ય સ્પર્ધા**માં શાળાના વિદ્યાર્થીઓ પસંદગી પામી ઝોન અને રાજયમાં ભાગ લેશે.

## QDC, SVS, તાલુકા

- **ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરી તથા શ્રીરામ ફાઉન્ડેશન**ના સંયુકત ઉપક્રમે આયોજીત **"કિશોરી ઉત્કર્ષ પહેલ"** યોજનામાં **ધો. ૧૨ વિ.પ્ર.ની વિદ્યાર્થીની પટેલ નિર્વા એમ.** ભરૂચ તાલુકાની **આદર્શ કિશોરી** તરીકે પસંદગી પામી સન્માનિત થયેલ છે.
- **QDC, SVS, તાલુકા** વગેરે કક્ષાએ આયોજિત તમામ સ્પર્ધાઓમાં મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લે એવો પ્રયત્ન શાળા દ્વારા કરવામાં આવે છે. ભરૂચ શહેર અને ગુજરાત રાજયની વિવિધ N.G.O. દ્વારા યોજાનારી તમામ સ્પર્ધાઓમાં પણ શાળાના વિદ્યાર્થીઓ ઉત્સુકતાપૂર્વક ભાગ લેતા હોય છે અને આગળના પડાવ સુધી પહોંચતા હોય છે.
- **ખેલ મહાકુંભમાં કરાટે સ્પર્ધામાં તાલુકા કક્ષાએ ચૌહાણ ભવ્ય પ્રકાશભાઈએ દ્વિતીય ક્રમ મેળવેલ છે તેમને પુરસ્કાર સ્વરૂપે રૂા. ૨૦૦૦/- રોકડા** મળેલ છે. આગળ જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે.
- **ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ ૬૦૦ મી. દોડમાં વસાવા સાક્ષી એમ. (૭-બ) પ્રથમ ક્રમે રૂા. ૧૫૦૦/-, ૪૦૦ મી. દોડમાં વસાવા સાક્ષી એમ. (૭-બ) પ્રથમ ક્રમે રૂા. ૧૫૦૦/- દ્વિતીય ક્રમે, વસાવા માહી જે. (૭-બ) રૂા. ૧૦૦૦/-, ઊંચી કૂદ સ્પર્ધામાં સોલંકી ફેનિલ આર. (૮-અ) રૂા. ૧૫૦૦/-, ગોળા ફેંક સ્પર્ધામાં પટેલ દ્રષ્ટિ (૮-અ) રૂા. ૧૦૦૦/- મેળવી વિજેતા બન્યા હતા.**

## શાળા કક્ષાએ

- પ્રતિ વર્ષ યોજાતા **સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રોજેક્ટ પ્રદર્શન, સપના કરો સાકાર, પારસમણિ પ્રોજેક્ટ, ચાલો જીવન કૌશલ્ય કેળવીએ વગેરેમાં શાળાના ૧૦૦% બાળકો ભાગ લે છે** અને પોતાની ઉતમ અભિવ્યકિતઓ રજૂ કરે છે. **પ્રવાસ-પર્યટન, રાષ્ટ્રીય પર્વની ઉજવણી, તજજ્ઞો અને પ્રેરણાદાયી વ્યકિતત્વ સાથે વિદ્યાર્થીઓનો વાર્તાલાપ, શિક્ષકોના પ્રેરણાદાયી પ્રવચનો, વિદ્યાર્થીઓની વિવિધ રજૂઆતો અને દરેક ક્ષેત્રની વિદ્યાર્થીઓમાં જાગૃતતા કેળવાય તેવા કાર્યક્રમો** ગોઠવવામાં આવે છે. સાથે જ વિષયવસ્તુની દૃઢ અને સંપૂર્ણ સમજ માટે સ્વઅધ્યયન સેમિનાર વિવિધ વિષયોના વર્કશોપ સેમિનાર આયોજિત કરવામાં આવે છે. **શિક્ષકોના અપગ્રેડેશન માટે દ્વિ-દિવસીય જ્ઞાનસત્ર, વિવિધ વ્યાખ્યાતાઓના તાલીમ અને વાર્તાલાપ, બુક-રિવ્યૂ જેવા કાર્યક્રમો** ગોઠવવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં શ્રેષ્ઠતાઓ કેળવી શકાય, કૌશલ્યોનું સીચન કરી શકાય તેવા દરેક પરિમાણોને ધ્યાને લઇને શાળામાં વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. જેનાથી શાળા નિરંતર ધમધમતી રહે છે.
- શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જ્ઞાનવાન બને અને વર્તમાન પરિસ્થિતિ વિશે જાણી તેની સામે સંપૂર્ણ સજજ થાય તે માટે વાંચન ખૂબ જરૂરી છે. વાંચન સાહિત્યના ભાગ સ્વરૂપે શાળાના બંને બિલ્ડીગમાં અવનવું **જ્ઞાન પીરસનારા ૫૮૦૦૦ રૂપિયાની કિંમતના મેગેઝિન્સ** મંગાવવામાં આવે છે.
- **પારસમણિ પ્રોજેકટમાં ૧૩૮૮ મહાનુભાવોના ૧૧૯૧ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ લીધા હતા.** જેમાં **૩૮૮ પેજનું પુસ્તક સંયુકત શિક્ષણ નિયામક શ્રી બી. એન. રાજગોર તથા શાળાના ભૂતપૂર્વ શિક્ષક અને હાલના દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું હતું.**

- શાળાનાં વિદ્યાર્થીઓનું જીવન વધુને વધુ વિકાસશીલ વધુમાં વધુ પ્રગતિશીલ, સર્વે પરિમાણોથી વૃધ્ધિ પામે તેવા ઉદ્દેશ્યોને ધ્યાન પર રાખી, શાળા પરિસરનું પર્યાવરણ ઉત્તમ બને, તમામનું શ્રેય જળવાય અને **વિદ્યાર્થીઓ દરેક ક્ષેત્રમાં અગ્રેસર બને, સાથે બાળકો જવાબદારીપૂર્ણ બની નવા કૌશલ્યોથી યુકત થાય** તેવા હેતુથી શાળા પાછલાં ૪૦ વર્ષોથી કાર્યરત છે. બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પરીણામોથી વિદ્યાર્થીઓ શોભતા રહે અને શાળાનું ગૌરવ પણ વધતું રહે તેવી રણનીતિ અને કાર્ય યોજનાઓનું સુવ્યવસ્થિત આયોજન શાળામાં કરવામાં આવતું હોય છે.
- સામાજિક સમરસતા અને પર્યાવરણના સંરક્ષણની જવાબદારી વિદ્યાર્થીઓમાં દ્રઢ બને અને સકારાત્મક ભાવનાથી બાળક ભર્યુ ભર્યુ રહે તે માટે **Counselling, વ્યકિતગત મુલાકાત, વાલી મિટિંગોનું સતત આયોજન, વાલીઓનું Counselling વગેરે કાર્યક્રમો** દ્વારા સમાજ સાથે સૌહાર્દપૂર્ણ સંબંધોનો મજબૂત પાયો જેવા વિચારોને મૂળમાં રાખી શાળાની ટીમ શ્રેષ્ઠ કાર્ય કરી રહી છે.
- **સારું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ધરાવનાર બાળકો અને શિક્ષકોથી સજજ નારાયણ પરિવાર શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે** એવા ઉમદા હેતુઓથી અભ્યાસક્રમ બહારનું જ્ઞાન પણ પીરસવામાં આવી રહ્યું છે.
- ટૂંકમાં કહું તો **વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ચારિત્ર્ય ઘડતર, કારકિર્દી ઘડતર, મૂલ્ય ઘડતરના નૂતન પ્રયત્નો શાળા દ્વારા અવિરત પણે કરવામાં આવે છે.**
- "**વિદ્યાર્થી હિત**"ને કેન્દ્રમાં રાખી શાળા દ્વારા કરવામાં આવતાં પ્રત્યેક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ માટે **શાળાના પ્રમુખશ્રી આદરણીય મા.શ્રી જંયતિભાઇ ડી. પંચાલ સાહેબ તથા ચેરમેનશ્રી મા.શ્રી હેમંતભાઇ આર. પ્રજાપતિ તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન** મળતું રહે છે. જે કારણથી શિક્ષણમાં નવાચાર, સર્જકતા અને શ્રેષ્ઠતા કેળવવાનું ઉત્તમ માધ્યમ પ્રાપ્ત થાય છે.
- શાળાના બંને બિલ્ડીગ વિવિધ ભૌતિક સુવિધાઓથી સજજ છે. તાજેતરના વર્ષમાં વિદ્યાર્થીઓને ટેકનોલોજીના ઉપયોગથી શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કરાવી શકાય તે માટે શાળામાં ૫૬ ઇંચના ૨૮ ટેલિવિઝન સેટ તથા ૮૬ ઇંચના ૩ ટેલિવિઝન સેટની ટ્રસ્ટ દ્વારા જોગાવઇ કરવામાં આવી છે. આ સાથે ગ્રાન્ટેડ વિભાગમાં પણ સરકાર દ્વારા ૬ સ્માર્ટ ટેલિવિઝન સેટ પ્રાપ્ત થયેલ છે. **અદ્યતન કમ્પ્યૂટર લેબ, ઓડિયો-વિડીયો લેબ, કેમેસ્ટ્રી, ફિઝીકસ, બાયોલોજી લેબ, ઇન્ટરનેટ કનેકશન, CCTV કેમેરા** વગેરે જેવી તમામ સુવિધાઓ શાળામાં ઉપલબ્ધ છે.
- વાલીઓનો ઉત્તમ સહકાર, વિદ્યાર્થીઓના વધુ સારા પરીણામની અમારી આશાને વધુ પ્રબળ થવામાં મદદરૂપ બને છે.
- જુદી જુદી NGO's, સરકારી કચેરીઓમાં તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી, અન્ય ક્ષેત્રોમાંથી પણ ખૂબ સારો સહકાર પ્રાપ્ત થતો રહે છે.
- શાળાની વિવિધ પ્રવૃત્તિઓને સમાજ સુધી પહોંચાડવામાં મદદરૂપ બનતા મિડીયા, ચેનલના માધ્યમો, વર્તમાનપત્રોનો સારો પ્રતિસાદ મળતો રહે છે.
- વિદ્યાર્થી કેન્દ્રી શાળામાં વિદ્યાર્થી હિતની તમામ પ્રવૃતિઓ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેમણે પણ પોતાનું યોગદાન આપ્યું છે તેવા તમામ વ્યકિતઓ, સંસ્થાઓનો હું નારાયણ વિદ્યાલય પરિવાર વતી સહદયે આભાર માનું છું, હવે પછી પણ આપ સૌનો આવો જ સૌહાર્દપૂર્ણ સહકાર પ્રાપ્ત થતો રહેશે તેવો શુભ ભાવ વ્યકત કરું છું.

નારાયણ ધ્વનિનો આ અંક તમામ વિદ્યાર્થી, વાલી, શિક્ષકોને પ્રોત્સાહિત કરી, ઉર્જાવાન બનાવી, નવી દિશા પ્રદાન કરશે તેવી અપેક્ષા સહ.

| **શ્રીમતી ઉર્વશીબેન જાની** | **શ્રી જિજ્ઞેશભાઇ જોષી** | **શ્રીમતી બિનીતાબેન ગોહીલ** | **ડૉ. ભગુભાઈ આઇ. પ્રજાપતિ** |
|---|---|---|---|
| ઈ.આચાર્યા (સા.પ્ર.) | આચાર્ય (નોનગ્રાન્ટેડ વિભાગ) | આચાર્યા (ગ્રાન્ટેડ વિભાગ) | ડાયરેકટરશ્રી |

**Study while others are sleeping**
**Work while others are delaying**
**Prepare while others are Playing**
**Dream while others are wishing**



**આવતીકાલ ક્યારેય આવતી નથી**
**એ જયારે પણ આવે છે આજ બનીને આવે છે,**
**માટે આવતીકાલે જે કંઇપણ**
**સારૂ કરવાની ઇચ્છા હોય,**
**એની શરૂઆત આજથી જ કરો.**